# સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ

અનિલાબેન એન. સોની
અધ્યાપક સહાયક અને
વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ્
એજ્યુકેશન,સુરત.

ડૉ. જ્યેન્દ્રસિંહ પી. ગોહિલ
માર્ગદર્શકશ્રી અને આચાર્યશ્રી,
શ્રીમતી વી. આર. ભક્ત શિક્ષણ મહાવિદ્યાલય,
કામરેજ, સુરત.

**સારાંશ**

*પ્રસ્તુત સંશોધનપત્રમાં સંશોધકે શિક્ષણમાં સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ અંગે કાર્ય કરવાનો અનુક્રમ હાથ ધર્યો હતો. પ્રવર્તમાન સંસોધનનો હેતુ શિક્ષણમાં સમગ્ર વિકાસ અભ્યાસક્રમની સંકલ્પના, સમગ્ર વિકાસ અભ્યાસક્રમની દ્રષ્ટિએ શિક્ષક, સમગ્ર વિકાસ અભ્યાસક્રમની દ્રષ્ટિએ વિદ્યાર્થી, સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા અને સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત મૂલ્યાંકન હોય સંશોધકે આ પ્રમાણેના હેતુઓ બનાવ્યા હતા. તે માટે સંશોધકે વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ પકાશિત એક અને પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ પ્રકાશિત ત્રણ પુસ્તકોની નમૂના તરીકે સહેતુક નમૂના પસંદગી કરી હતી. પ્રવર્તમાન સંસોધનનો હેતુઓના આધારે વિષયવસ્તુ પૃથક્કરણ કરી તાર્કિક નિગમનાત્મક ગુણાત્મક સંશોધનની પ્રયુક્તિ દ્વારા કેટલાક તારણો મેળવ્યા હતા.*

**ચાવીરૂપ શબ્દો :** *સમગ્ર વિકાસ અભ્યાસક્રમ, શિક્ષણની પ્રક્રિયા, વિવેચનાત્મક અભ્યાસ*

## ૧. પ્રસ્તાવના

પુરાતનકાળથી ભારત શિક્ષણ ક્ષેત્રમાં વિશ્વનો અગ્રણી દેશ રહ્યો છે. ' સા વિદ્યા યા વિમુક્તયે' – જે વિદ્યા મુક્તિ અપાવે તે સાચી વિદ્યા, ભારતના શિક્ષણનો આ સર્વોચ્ચ ઉદ્દેશ્ય છે. અત : શિક્ષણ ' મુક્તિકારી' હોવું જોઈએ. મુક્ત એ જ થઇ શકે છે જે સર્વાંગીણરૂપથી સુયોગ્ય અને પરિપૂર્ણ હોય. ભારતીય દ્રષ્ટિથી શિક્ષણની નીતિ બધાં સ્તરો પર સ્વાયત, ગામના સ્તર સુધી વિકેન્દ્રિત અને સંપૂર્ણ સમાજ આધારિત હોવી જોઈએ. શિક્ષક દ્વારા વ્યાખ્યાન પદ્ધતિથી ભણાવવાને સ્થાન પર વિદ્યાર્થીઓ સ્વાનુભૂતિથી વિષયને જાણવા માટે પ્રેરિત કરનાર સર્વાંગીણ, સરળ અને આનંદદાયી શિક્ષણપદ્ધતિથી શિક્ષણકાર્ય કરશે. આ બધીજ બાબતો અંગે વિદ્યાભારતી દ્વારા પાયાનું ચિંતન અને ધરમૂળથી વિચાર થયો. પાઠ્યપુસ્તક એ સાધ્ય નથી, સાધન છે વિષય પણ સાધ્ય નથી, સાધન છે. સાધ્ય તો છે, વિદ્યાર્થીનો સમગ્ર વિકાસ. તેથી જ પાઠ્યપુસ્તક કેન્દ્રિત શિક્ષણ રચના કરવાને બદલે વિકાસ કેન્દ્રિત શિક્ષણ રચના કરવી જોઈએ. શિક્ષણનો ઉદ્દેશ વિદ્યાર્થીનો સમગ્ર વિકાસ કરવાનો હોવો જોઈએ. સમગ્ર શિક્ષણતંત્રનું કેન્દ્રવર્તી સ્થાન એટલે વર્ગખંડ. અને શિક્ષણનું પ્રારંભબિંદુ એટલે છ થી સાત વર્ષના બાળકો. એમનો સ્વભાવ, એમની લાક્ષણિકતાઓ, રુચિ, ક્ષમતા અને પરિવારની, દેશની, સંસ્કૃતિની સાંપ્રત સમયની સ્થિતિ અને આવશ્યકતાનો વિચાર કરીને શિક્ષણક્રમ નિશ્ચિત કર્યો હોય તો અત્યારે આપણે જે સમસ્યાઓનો ભોગ બન્યા છીએ તેમાંથી રસ્તો નીકળે. તો શિક્ષણનો ઉદ્દેશ એટલે સમગ્ર વિકાસ આ બાબત ધ્યાનમાં લઇ સમગ્ર વિકાસની સંકલ્પના અને અભ્યાસક્રમની રૂપરેખા સમજવા માટે વિદ્યાભારતીના કાર્યકરોનો એક ચિંતન વર્ગ થયો, કાર્યશાળાઓ અને સાધનસામગ્રીઓનું નિર્માણ થયું. આમ, વિદ્યાભારતી સંલગ્ન વિદ્યાલયોમાં ઈ.સ.૨૦૦૬-'૦૭થી પ્રાથમિક કક્ષાએ શિક્ષણમાં સમગ્રલક્ષી વિકાસની સંકલ્પના અમલીકૃત બની. સમગ્ર વિકાસનાં બે પાસાં થયાં. એકતો વ્યક્તિનો પોતાનો વિકાસ એટલે વ્યક્તિત્વ વિકાસ અને બીજો સમાયોજનની દિશામાં સમગ્ર વિકાસ

એટલે બાળકોનો સંપૂર્ણ વિકાસની વ્યવસ્થા. આ ભૂમિકાને ધ્યાનમાં રાખીને સંશોધકે પ્રસ્તુત વિષય નિર્ધારિત કર્યો હતો. પ્રસ્તુત ભૂમિકાને ધ્યાનમાં રાખી સંશોધકે સંશોધનપત્રમાં સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ અંગે કાર્ય કરવાનો અનુક્રમ હાથ ધર્યો હતો.

**૨. સમસ્યા કથન**

પ્રસ્તુત સંશોધન સંદર્ભે સંશોધકે નીચે દર્શાવેલ સમસ્યા પસંદ કરી હતી.

**"સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ"**

**૩. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ છે.

૧. સમગ્ર વિકાસ અભ્યાસક્રમની સંકલ્પના જાણવી.
૨. સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ કરવો.
  ૨.૧ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અને શિક્ષક
  ૨.૨ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અને વિદ્યાર્થી
  ૨.૩ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત અધ્યાપન અધ્યયન પ્રક્રિયા
  ૨.૪ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત મૂલ્યાંકન પદ્ધતિ

**૪. સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના પ્રશ્નો આ મુજબ છે.

૧. સમગ્ર વિકાસ અભ્યાસક્રમની સંકલ્પના શું છે?
૨. સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયા કેવી છે ?
  ૨.૧ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત શિક્ષકની ભૂમિકા શું છે?
  ૨.૨ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓ કેવો હોવો જોઈએ.
  ૨.૩ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત અધ્યાપન અધ્યયન પ્રક્રિયા કેવી છે?
  ૨.૪ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત મૂલ્યાંકન પદ્ધતિ કેવી છે?

**૫. વ્યાપવિશ્વ અને નમૂનો**

વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ અંતર્ગત સમગ્ર વિકાસ અભ્યાસક્રમ પર પ્રકાશિત થયેલા વિચારો પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ રહ્યું હતું. પ્રસ્તુત સંશોધન માટે સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ આધારિત ત્રણ પુસ્તકો હતા જે સહેતુક નમૂના પસંદગી રીતથી પસંદ કરવામાં આવ્યા હતા.

**૬. સંશોધનના ઉપકરણો**

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું હોવાથી સંશોધકે સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ આધારિત ત્રણ પુસ્તકોમાં પ્રાપ્ત માહિતીમાં સમાવિષ્ટ વિષયવસ્તુ સંશોધન માટે ઉપકરણો બન્યા હતા. પ્રકાશિત ત્રણ પુસ્તકોના નામ નીચે મુજબ હતા.

૧. શિક્ષણનું ભારતીય પ્રતિમાન,૧૮ સપ્ટેમ્બર ૨૦૧૧, ઈન્દુમતિ કાટદરે.
૨. શિક્ષા કા સમગ્ર વિકાસ પ્રતિમાન, ૧૭ નવેમ્બર ૨૦૧૩, ઈન્દુમતિ કાટદરે.
૩. શિક્ષણનું સમગ્ર વિકાસ પ્રતિમાન(ભારતીય શિક્ષા ગ્રંથમાળા ૨), ૨૭ જુલાઈ ૨૦૧૮, ઈન્દુમતિ કાટદરે.

### ૭. સંશોધનની પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ સંદર્ભે હોવાથી સંશોધકે હેતુઓને આધારે તારણો પ્રાપ્ત કરવા માટે ગુણાત્મક સંશોધનની વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૮. સંશોધનનું સીમાંકન

૧. પ્રસ્તુત સંશોધનમાંથ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ આધારિત ત્રણ પુસ્તકોમમાંથી પ્રાપ્ત માહિતી પૂરતો મયાદિત રહ્યો હતો.
૨. પ્રસ્તુત સંશોધન નીચે દર્શાવેલ મુદ્દા માટે સીમિત રહ્યું હતું.
- સમગ્ર વિકાસ અભ્યાસક્રમની સંકલ્પના જાણવી.
- સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ જેમાં, સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અને શિક્ષક, વિદ્યાર્થી, અધ્યાપન - અધ્યયન પ્રક્રિયા અને મૂલ્યાંકન પદ્ધતિ.

### ૯. માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધનનો સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ મુખ્ય ઉદ્દેશ્ય હતો તે માટે સંશોધકે પ્રથમ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ સંબંધિત પ્રકાશિત પુસ્તકોમાંથી પ્રાપ્ત માહિતીની પસંદગી કરી હતી. ત્યારબાદ માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

### ૧૦. માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું હોવાથી સંશોધકે હેતુઓના આધારે ગુણાત્મક સંશોધનની વિષયવસ્તુ પૃથક્કરણ કરી તાર્કિક નિગમનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૧૧. સંશોધનનાં તારણો

**હેતુ :- ૧. સમગ્ર વિકાસ અભ્યાસક્રમની સંકલ્પના જાણવી.**

સમગ્ર વિકાસનાં બે પાસાં છે. પંચકોશાત્મક વિકાસ અને પરમેષ્ઠીગત વિકાસ

**પંચકોશાત્મક વિકાસનાં નામ પ્રમાણે જ પાંચ પાસાં છે.**

૧.અન્નમય કોશોનો વિકાસ (શારીરિક વિકાસ) ૨. પ્રાણમય કોશોનો વિકાસ(પ્રાણિક વિકાસ) ૩.મનોમય કોશોનો વિકાસ (માનસિક વિકાસ) ૪. વિજ્ઞાનમય કોશોનો વિકાસ (બૌદ્ધિક વિકાસ) ૫. આનંદમય કોશોનો વિકાસ (ચૈતસિક વિકાસ)

### ૧૨. પરમેષ્ઠીગત વિકાસનાં પાસાં છે.

વ્યક્તિગત વિકાસ, પરિવારગત વિકાસ, સમાજગત વિકાસ, રાષ્ટ્રગત વિકાસ, વિશ્વગત વિકાસ, સૃષ્ટિગત વિકાસ. મનુષ્ય પોતાનાં મૂળ સ્વરૂપમાં આત્મા છે. આત્મા પરમાત્મનો જ અંશ છે. આ મૂળ સ્વરૂપનો બોધ જાગવો એ જ શિક્ષણનું લક્ષ્ય છે. તેથી પરમેષ્ઠીગત વિકાસ એ સમગ્ર વિકાસનો આધાર છે. શિક્ષણનો વિચાર વિકાસની આ સંકલ્પનાને અનુરૂપ થવો જોઈએ. બધાજ વિષયો, બધી વ્યવસ્થા, બધી પ્રવૃત્તિઓની રચના આ સમગ્ર વિકાસના ઉદ્દેશથી થવી જોઈએ. આવી સમગ્ર દ્રષ્ટિ જ ભારતીય દ્રષ્ટિ છે.

**હેતુ:- ૨. સમગ્ર વિકાસ અભ્યાસક્રમ આધારિત શિક્ષણની પ્રક્રિયાનો વિવેચનાત્મક અભ્યાસ કરવો.**

**૨.૧ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અને શિક્ષક**

- આદર્શ શિક્ષક સૌપ્રથમ આચાર્ય હોવો જોઈએ. પોતાના આચરણથી વિદ્યાર્થીને એનું જીવન ઘડવાની પ્રેરણા અને માર્ગદર્શન આપે છે.

- આચાર્યનો મોટો ગુણ વિદ્યાપ્રીતિ ગણાય. ભણવાનો, સ્વાધ્યાયનો, જ્ઞાનચર્ચાનો, ભણાવવાનો આનંદ જેને ભૌતિક વસ્તુઓના આનંદ કરતાં શ્રેષ્ઠ લાગે છે એ જ સાચો આચાર્ય છે.
- આચાર્ય એ જ્ઞાનવાન હોવું બુદ્દિધ તેજસ્વી અને નિર્મળ હોય. જે પોતાના આહારવિહાર, ધ્યાનસાધના અશિથિલ રાખે તે જ આચાર્ય જ્ઞાનવાન છે.
- આચાર્ય સભ્ય, ગૌરવશીલ, સુસંસ્કૃત વ્યવહાર કરે અને વિદ્યાર્થીની સાથે સાથે સમાજનું માર્ગદર્શન કરવાનું પણ પોતાનું કર્તવ્ય ગણે છે.

### ૨.૨ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અને વિદ્યાર્થી

- જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઈચ્છુક હોય, જિજ્ઞાસુ હોય એને જ વિદ્યાર્થી કહેવાય.
- વિદ્યાર્થી શરીર, મન અને બુદ્દિધ એ ત્રણેયથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે લાયક બનવો જોઈએ.
- નિત્ય ઓમકાર ઉચ્ચારણ, મંત્રપઠન, ધ્યાન, આસન, પ્રાણાયમ કરીને પ્રાણશક્તિ કેળવવી અને મનને એકાગ્ર અને નિયંત્રિત કરવું જોઈએ.
- નિત્ય સ્વાધ્યાય, સેવા, કાર્ય કરતાં રહીને બુદ્દિધને નિર્મળ, તીવ્ર, તેજસ્વી બનાવવી જોઈએ. આ બધી બાબતોનું પાલન કરે એને વિદ્યા મળે. પરિવાર અને વિદ્યાલયો આ ગુણો કેળવવામાં વિદ્યાર્થીઓને પ્રેરણા, માર્ગદર્શન અને સહયોગ આપે તો વિદ્યાલયો જ્ઞાનના કેન્દ્રો બને.

### ૨.૩ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત અધ્યયન અધ્યાપન પ્રક્રિયા

- ભણવું અને ભણાવવું એ એક જ ક્રિયાનાં બે સ્વરૂપો છે. ભણવું એ પ્રારંભ છે ભણાવવું એ એની પૂર્ણતા છે.
- સમગ્ર શિક્ષણતંત્ર ભણવાની ક્રિયાની આસપાસ રચાયેલું હોય છે. ભણાવવાની ક્રિયાની આસપાસ નહીં.
- ભણવું કેન્દ્રમાં હોય એનો અર્થ જ વિદ્યાર્થી કેન્દ્રમાં છે. ત્યારે એની આવશ્યકતા, એની ક્ષમતા, પદ્દધતિ, ગતિ અને સ્થિતિને આધાર બનાવીને ભણાવવાની યોજના થઈ શકે.
- ભણવું એટલે જ્ઞાન સંપાદન કરવું. જ્ઞાન સંપાદન કરવું એટલે જ્ઞાની થવું. જ્ઞાન અમૂર્ત છે જે એના વાણી, વ્યવહાર, ભાવના, દ્રષ્ટિ બધાં માધ્યમોથી પ્રગટ થાય છે.

### ૨.૪ સમગ્ર વિકાસ અભ્યાસક્રમ અંતર્ગત મૂલ્યાંકન પદ્દધતિ

- વર્તમાન પરીક્ષાની વૈકલ્પિક વ્યવસ્થા સતત અને વ્યાપક મૂલ્યાંકન છે.
- વિષયોનું નહિ, ક્ષમતાઓનું મૂલ્યાંકન થાય છે.
- લેખનકલા, વક્તૃત્વકલા, ગાયન, નિર્માણકલા વગેરે ક્ષમતાઓ, મૌલિકતા,
- એકાગ્રતા અને વ્યવસ્થાપન વગેરે ગુણોના વિકાસનું મૂલ્યાંકન.
- લેખિત, મૌખિક અને પ્રયોગિક અને નિરીક્ષણ આધારિત મૂલ્યાંકન પદ્દધતિનો ઉપયોગ થાય છે.

### સંદર્ભો

૧. કાટદરે, આઈ(૨૦૧૧). શિક્ષણનું ભારતીય પ્રતિમાન. અમદાવાદ: પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ.
૨. કાટદરે, આઈ(૨૦૧૩). શિક્ષા કા સમગ્ર વિકાસ પ્રતિમાન. અમદાવાદ: પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ.
૩. કાટદરે, આઈ(૨૦૧૮). શિક્ષણનું સમગ્ર વિકાસ પ્રતિમાન (ભારતીય શિક્ષા ગ્રંથમાળા ૨)અમદાવાદ: પુનરુત્થાન પ્રકાશન સેવા ટ્રસ્ટ.
૪. શાહ ડી. બી. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન (દિશા દર્શન). અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.